**તા. ૨૩-૨૪/૯/૨૫ : પ્રથમ પરીક્ષાની ઉત્તરવહી બતાવવા ધો. ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ માટે વાલી મિટીંગ** યોજાય હતી. જેમા પરીક્ષા લેખનમાં વિદ્યાર્થીની કચાશ અંગે વિષય શિક્ષકો દ્વારા વાલી સાથે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સુપરવાઇઝર નયનાબેન પટેલે અગાઉના કાર્યક્રમની ચર્ચા કરી વિદ્યાર્થીને કેવી તૈયારી કરાવવી તે જણાવ્યું હતું. તેમજ વેકેશનમાં વિદ્યાર્થીના જ્ઞાનમાં વધારો થાય તે અંગે ચર્ચા કરી હતી. પ્રથમ પરીક્ષાની ઉત્તરવહી બતાવવા ધો.૩ થી ૫ ની વાલી મિટીંગનું આયોજન કરેલ હતું. દરેક વિષય શિક્ષકો વ્યકિતગત વિદ્યાર્થી સાથે પરીક્ષામાં લખાણમાં જે કંઇક ઉણપ હતી તેની વાલી સાથે ચર્ચા કરી હતી. કલા મહાકુંભ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીને તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાના પ્રમાણપત્ર મા. આચાર્યશ્રી જિજ્ઞેશભાઇ જોષીના હસ્તે આપી તેમને અભિનંદન સાથે આગળ ઝોન કક્ષાએ જવા માટે પ્રોત્સાહિત કર્યા તથા વાલીશ્રી સાથે આગળના કાર્યક્રમ અને વેકેશનમાં વિદ્યાર્થીઓને મેદાની રમત સાથે વાર્તા વાંચન કરવા જણાવ્યું.

**તા. ૩૦/૯/૨૫ : નવરાત્રી નિમિત્તે શાળામાં વિદ્યાર્થીઓએ ભાવથી માતાજીના ગરબાની રમઝટ** માણી હતી. બેસ્ટ ડ્રેસીંગ અને બેસ્ટ એકશનની સ્પર્ધા પણ યોજવામાં આવી.








**તા. ૩/૧૦/૨૫ : ગાંધી જયંતિ ઉજવણી** નિમિત્તે શાળામાં ધો.૪ ના વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવન પ્રસંગો વિશેનું નાટક રજૂ કર્યુ અને ધો. ૧ ના બે વિદ્યાર્થીઓએ તેના જીવન કાર્યો વિશે માહિતી આપી. પૂજાબેન રાઠોડે સુંદર રીતે બાળકોને ગાંધી જયંતિ વિશે સમજાવ્યું.





**તા.૨૯/૧૧/૨૫ : ધો.૩ થી ૫ ના વિદ્યાર્થીઓનો પ્રવાસ** ધરમપુર, લેડી વિલ્સન મ્યુઝિયમ, સાયન્સ સીટી, બરૂમાળા ખાતે યોજાયો.




**તા. ૩/૧૨/૨૫ : ધો. ૧ થી ૨ ના વિદ્યાર્થીઓનો પ્રવાસ** પારનેરા ડુંગર, તડકેશ્વર મંદિર, વિશ્વંભરી, તીથલ ખાતે યોજાયો.



